મહત્તમ : ૩૦.૫ ડીગ્રી
લઘુતમ : ૨૪.૯ ડીગ્રી
ભેજ
સવારે ૯૭ ટકા ● સાંજે ૮૧ ટકા
ગાંધીનગર તાપમાન

ઈન્ફોસીટીથી કુડાસણ માર્ગ કાંકરીમય બન્યા

માર્ગો ઉપર કાંકરીઓ ઉડવાથી ટુ-વ્હીલર ચાલકોને હાલાકી:આંખોને ગંભીર નુકશાન થવાની ભીતી

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગરમાં વરસાદના પહેલા ઝાપટા બાદ માર્ગોની હાલત બિસ્માર જોવા મળી રહી છે. જયાં-ત્યાં માર્ગો પર ખાડા થઈ ગયા છે. ઈન્ફોસીટીથી કુડાસણ જવાનો માર્ગ ખરાબ હાલતમાં છે. જ્યાં ખાડાની સાથે સાથે કાંકરીનું પ્રમાણ વધારે છે જેથી કાંકરી ઉડવાથી વાહનચાલકોને હાલાકી થઈ રહી છે. ધુળ પણ ઉડી રહી છે. ફોર વ્હીલર ચાલકો પૂરપાટ ઝડપે જવાથી અહીંયાથી ટુ વ્હીલર ચાલકોને પસાર થવું ભારે પડી રહયું છે. કાંકરીઓ સીધી ઉડીને આંખમાં જાય છે જે આંખોને ગંભીર નુકશાન કરી શકે છે. ગાંધીનગરમાં સૌથી ઓછો વરસાદ પડ્યો છે તેમ છતાં આ પ્રકારની સ્થિતિ વણસી રહી છે. ભારે વરસાદમાં તો આ માર્ગો ધોવાઈને ખખડધજ બની જાય તેવા માર્ગો બનાવાયા છે. માર્ગો બનાવવામાં યોગ્ય માલ વાપરવામાં ન આવતાં માર્ગો વરસાદમાં ધોવાઈ ગયા છે. ગાંધીનગરમાં નવા માર્ગો બનાવવામાં આવ્યા છે તેમ છતાં આ જ વર્ષે માર્ગોની બિસ્માર હાલત થઈ ગઈ છે. માર્ગો બનાવવામાં કોન્ટ્રાકટરો ભ્રષ્ટાચાર કરતા હોવાનું પણ ધ્યાનમાં આવતું હોય છે. યોગ્ય દેખરેખ વગર કરવામાં આવતી કામગીરીના કારણે શહેરના માર્ગોની બિસ્માર સ્થિતિ થઈ રહી છે. માર્ગો ઉપર ભુવાઓ પડી જવા, માર્ગો ધોવાઈ જવા, માર્ગો ઉપરથી ડામર ઉખડી જવા, માર્ગોનું લેવલીંગ ખરડાઈ જવું વગેરે આ ચોમાસાના દિવસોમાં નજરે પડે છે.

શહેરીજનોને દર વર્ષે આવી જ પરિસ્થિતિનો સામનો કરવો પડી રહયો છે. માર્ગોનું ધોવાણ માત્ર આ વર્ષનો વિષય નથી તે દર વર્ષે વર્ષાઋતુમાં નજરે પડે છે. શહેરીજનોને કાંકરીના માર્ગો ઉપરથી અવરજવર કરવામાં વાહનોમાં પંચર થઈ જાય છે તથા ટાયરો પણ ખરાબ થઈ જાય છે સાથે સાથે કાંકરી ઉડવાથી આંખોને નુકશાન થાય છે. કાંકરીની અણી આંખમાં વાગતા ગંભીર નુકશાન થાય છે. જેની જવાબદારી કોઈ લેતુ નથી તેથીમાર્ગો ઉપરથી કાંકરી દુર કરવી અનિવાર્ય છે.

જન્મદિને વધામણી



જતિન એસ શુક્લ
તંત્રી, પાટનગર ટુડે, ઢળતી સાંજ દૈનિક,
મો. ૯૪૨૭૬ ૧૬૬૦૧

વિજયભાઈ એ સોલંકી
મહામંત્રી, ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિ
મો. ૯૪૨૭૩ ૧૪૩૭૭

ભરતસિંહ પુનમજી ઠાકોર
મો.૭૯૮૪૩ ૩૩૪૮૦

ભાનુબેન ઠક્કર
લાયોનેસ ક્લબ, ગાંધીનગર

યશ મહેન્દ્રકુમાર ચૌધરી
મો. ૯૨૬૫૧ ૦૮૭૧૩

વેદ ઈન્ટરનેશનલ સ્કૂલમાં 'લાઈફ સ્કિલ એક્ટિવિટી' સેશન યોજાયું

ગાંધીનગર, તા.૨૦

વેદ ઈન્ટરનેશનલ સ્કૂલમાં 'લાઈફ સ્કિલ એક્ટિવિટી' અંતર્ગત સેશન યોજાયું હતું. બાળકોના જીવન માં કૌશલ્યોનો વિકાસ થાય અને રોજિંદા જીવનમાં આ બધા જ કૌશલ્યનો ઉપયોગ કરી શકે તે હેતુથી વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ, સરગાસણમાં પ્રેક્ટીકલી બાળકોને હેન્ડ વોશ કઈ રીતે કરવા તેનું પદ્ધતિસરનું સેશન રાખવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓને બ્રેકફાસ્ટ કે લંચ પહેલા તથા પછી કઈ રીતે સાબુથી હાથ ધોવા અને અને ટેબલ મેનર્સ સાથે સાથે નેપકીન કે રૂમાલ નો ઉપયોગ કઈ રીતે અને ક્યારે કરવો તે બધી જ કુશળતા શીખવવામાં આવી હતી.

સે-૨૨માં સાર્વજનિક ગણેશોત્સવની ધામધૂમથી ઉજવણી કરવામાં આવશે

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર શહેરની શરૂઆત થઈ અને સેક્ટર-૨૨ ખાતે સાર્વજનિક ગણેશોત્સવ સમિતિની સ્થાપના કરી ત્યાં ધામધૂમથી ગણેશોત્સવની શરૂઆત થઈ હતી. આજે એ જ જગ્યાએ સળંગ ૫૩માં વર્ષે સાર્વજનિક ગણેશોત્સવ ઉજવવામાં આવશે.

સાર્વજનિક ગણેશોત્સવ સમિતિના અધ્યક્ષ નિશીત વ્યાસની અધ્યક્ષતામાં ગણેશોત્સવની ઉજવણી કરવામાં માટે ગાંધીનગર સર્કિટ હાઉસ ખાતે સામાન્ય બેઠક બોલાવવામાં આવી હતી. આ બેઠકમાં અરૂણભાઈ બુચ, ડૉ. કૌશિક શાહ, હિરેન શાસ્ત્રી, શૈલેન્દ્રસિંહ બિહોલા, મનોજ શુક્લ, સંજય થોરાત, ડો. ચેતના બુચ, અશ્વીનસિંહ ટાપરીયા, જયરાજસિંહ વાઘેલા, જયદીપસિંહ ઠાકોર, રાજેન્દ્રસિંહ ચાવડા, તેજાભાઈ દેસાઈ, વૈભવ જાની, ડો. વર્ષા પારેખ વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં અને એમનાં કિંમતી સુચનો કર્યા હતા.

સ્વ. વિનોદભાઈ જોષી દ્વારા વર્ષો સુધી ગણેશોત્સવ સમિતિ સેક્ટર-૨૨ ખાતે ગણેશોત્સવ ઉજવાતો હતો એજ પરંપરા નિશીત વ્યાસે જાળવી રાખી છે. ઉલ્લેખનીય છે કે આ સાર્વજનિક ગણેશોત્સવની પ્રથમ દિવસની આરતી ગુજરાત રાજયના રાજ્યપાલ દ્વારા ઉતારવામાં આવે છે. ગાંધીનગરની વિવિધ સાંસ્કૃતિક સંસ્થાઓ એક મંચ પર આવે અને ગણેશોત્સવ ઉજવે એવી આશા વ્યક્ત કરવામાં આવી હતી.

એમ.બી.પટેલ કન્યા પ્રાથમિક શાળામાં સુલેખન પ્રવૃતિનું આયોજન

એમ.બી.પટેલ કન્યા પ્રાથમિક શાળા સેકટર-૨૩માં ધો-૬ની વિદ્યાર્થિની બહેનો માટે સુલેખન પ્રવૃતિનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવૃતિનું આયોજન શાળાના સુપરવાઈઝર રાજેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ શાળાના શિક્ષક ચેતાનબેન પટેલ, સુમનબેન દરજી અને પ્રવિણભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રવૃતિમાં ભાગ લેનાર વિદ્યાર્થિની બહેનોને શાળાના આચાર્યા નીરૂબેન પટેલે અભિનંદન પાઠવ્યા હતા.

બ્રહ્માકુમારીઝ સે.૨૮ નાં આદિરતન બ્રહ્માકુમાર નવીનભાઈ પટેલના ૮૫માં જન્મ દિવસ ની ઉજવણી

બ્રહ્માકુમારીઝ, સેક્ટર.૨૮, ગાંધીનગર ખાતે ૧૯ જુલાઈ ૨૦૨૨ ના મંગળવારે સવારના મુરલી ક્લાસ બાદ ઉપસ્થિત સૌ નિયમિત બ્રહ્માકુમાર ભાઈ-બહેનોની ઉપસ્થિતિમાં સંચાલિકા આદરણીય રાજયોગીની કૈલાશ દીદીજી દ્વારા આદિરતન નવીનભાઈ પટેલનો ૮૫મો જન્મ દિવસ ઉજવવામાં આવ્યો હતો. જેમની બે બાલ બ્રહ્મચારિણી કન્યાઓ આધ્યાત્મિક સેવા અર્થે શિવ પરમપિતા પરમાત્મા સ્થાપિત બ્રહ્માકુમારીઝ રાજસ્થાન માં બી.કે.મમતાબેન અલવર ખાતે અને બી.કે.ફાલ્ગુનીબેન ભિવાડી ખાતે આજીવન ઈશ્વરીય સેવા પર છે તેવા ગુજરાત સરકારના ઇરિગેશન ડીપાર્ટમેન્ટમાંથી વયનિવૃત થયેલ નવીનભાઈ પટેલનું કેસરથી આત્મ સ્મૃતિનું તિલક કરી, પુષ્પગુચ્છ અર્પણ કરી સ્વાગત આભિવાદન સાથે કેક કટિંગ કરવામાં આવી હતી. તેમના સ્વસ્થ, સુખી, દીર્ઘાયુની પ્રભુ પ્રાર્થના સહ શુભેચ્છા વહેવવાડામાં આવી હતી. આ શુભ પ્રસંગે નવીનભાઈ પટેલનો સાથ છોડી અગાઉ અનંતની યાત્રાએ ગયેલ વિનોદાબેને આ પ્રસંગે કેક અને ઈશ્વરીય પ્રસાદ આપી ખુશીની આપ લે કરી હતી.

આર.સી.પટેલ શાળામાં વ્યક્તિગત પ્રતિભા સ્પર્ધા યોજાઈ

આર.સી.પટેલ સ્કુલમાં વ્યક્તિગત પ્રતિભા સ્પર્ધા અંતર્ગત મહેંદી સ્પર્ધા, રંગોળી સ્પર્ધા અને ફેશ પેઈન્ટીંગ સ્પર્ધા યોજવામાં આવી હતી. શાળાની વિશાળ લોબીમાં આ તમામ સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં મહેંદી સ્પર્ધામાં ૪૦ વિદ્યાર્થિનીઓએ, રંગોળી અને ફેશ પેઈન્ટીંગ સ્પર્ધામાં ૨૦ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. મહેંદી સ્પર્ધામાં પ્રથમ નંબર જેની પટેલ અને બીજા નંબરે ડામોર નેહલ માધ્યમિક વિભાગમાંથી પસંદ કરવામાં આવ્યા હતા. જયારે ઉચ્ચ માધ્યમિક વિભાગમાં પટેલ માધવી સી અને બીજા નંબરે તાટીયા કુંદન એન પ્રાપ્ત કર્યો હતો. રંગોળી સ્પર્ધામાં પટેલ વિશ્વા આર અને ફેશ પેઈન્ટીંગમાં પટેલ ક્રિષા આર વિજેતા બન્યા હતા. આ તમામ સ્પર્ધામાંશાળાના શિક્ષિકા શ્રેયાબેન પટેલે નિર્ણાયક તરીકે હતા.

પી.કે.ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં કાનુની શિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૨૦

અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત પી.કે.ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં કાર્યરત CWDC દ્વારા કાનુની શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિદ્યાર્થીનીઓ દ્વારા સમુહ પ્રાર્થનાનું ગાન કરી આચાર્ય ડો.એમ.એમ.ચૌધરી દ્વારા ઉપસ્થિત મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરી અને મહિલા વર્ગ માટે દસ મુખ્ય અધિકારો વિશેના કાયદા અંગે વાત કરવામાં આવી હતી. પેરાલીગલ એડવાઈઝર સુધીરભાઈ દેસાઈએ ગર્ભ પરિક્ષણના કાયદા, તેની જોગવાઈ, સુધારા અને અમલીકરણ વિશે વિગતવાર વાત કરી હતી. આ પ્રસંગે મનસુખભાઈ કોટક ખાસ ઉપસ્થિત રહયા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કન્વીનર ડો.લીના સ્વાદિયાએ કર્યું હતું. આભારવિધિ ડો.હેમાંગીની વાઘેલાએ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ચૌધરી પૂજાએ કર્યું હતું. તો આ શિબિરમાં ૧૩૫ જેટલી વિદ્યાર્થિનીઓએ ભાગ લઈ કાયદાનું પ્રશિક્ષણ મેળવ્યું હતું.

સે-૨૩, સ્વામિનારાયણ મંદિરમાં કાજુ-દ્રાક્ષના હિંડોળા દર્શન

વર્તમાન સમયે મંદિરોમાં ચાલી રહેલા હિંડોળા મહોત્સવ અંતર્ગત સે-૨૩, સ્વામિનારાયણ મંદિરમાં કાજુ-દ્રાક્ષના કલાત્મક હિંડોળામાં ભગવાનને ઝુલાવવામાં આવ્યા હતા. ઉપરાંત રબર-પેન્સિલ, કાગળની કલા કસબ, મધુર ગુટિકા.ધુપ શલાકા વગેરેના હિંડોળાનું આયોજન થયું હતું. આ મંદિરમાં દરરોજ કલા-ભક્તિ, સેવા, સપર્પણ સાથે નિત્ય-નવા હિંડોળામાં ભગવાનને ઝુલાવવામાં આવે છે. જેનો લાભ ભાવિકો મોટી સંખ્યામાં લે છે, હિંડોળા દર્શનનો સમય : ૫:૦૦ થી ૮:૧૫ સુધીનો છે.

વિકાસયાત્રાના અવિરત પંથે પેથાપુર વોર્ડ નંબર-૨ના સક્રિય નગરસેવકો

પેથાપુર નગરનો સમાવેશ ગાંધીનગર મહાનગરપાલિકામાં થયા પછી એક ઉપર એક વિકાસના કામો સત્વરે થઈ રહ્યા છે. ગુજરાત વિકાસયાત્રાનો આ રથ થોભવા માંગતો નથી. પેથાપુર વોર્ડનો ૨ ટીપી સ્કીમ ૧૬માં રહેતા રહીશો દ્વારા પેથાપુર મહુડી રોડથી રાંધેજા રોડને જોડતો ડામરનો રોડ અને બંને રોડની વચ્ચે ડીવાઈડર બનાવી આપવાની લેખિત રજૂઆત કરેલી હતી જેમાં સિદ્ધિ વિનાયક, મંગલ મૂર્તિ, સિદ્ધરાજ ગ્રીન્સના અગ્રણીઓ દ્વારા આ માંગણી કરવામાં આવી હતી. વોર્ડ ૨ના ઉત્સાહી કોર્પોરેટર અનીલસિંહ વાઘેલા, દિપીબેન પટેલ , પારૂલબેન ઠાકોર સાથે પ્રમુખ જયદીપસિંહ વાઘેલા અને સમગ્ર ભાજપ સંગઠન દ્વારા આ વિકાસ કાર્યનું મુહૂર્ત કરી પૂર્ણ કરવાની નેમ લીધી છે. આ રોડ બનવાથી ન્યૂ પેથાપુર તરીકે વિકાસ પામી રહેલા રહેણાંક વિસ્તારને અને રહીશોની સુવિધામાં ચોક્કસથી વધારો થશે.

સરકારી વિજ્ઞાન કોલેજ ખાતે ચાર દિવસીય તાલીમ યોજાઈ

ગાંધીનગર, તા.૨૦

ગુજરાત રાજયમાં નોન ટેકનિકલ કોલેજમાં અભ્યાસ કરતાં વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, બીએડ અને લો વિદ્યાશાખાના વિદ્યાર્થીઓ પણ ઈનોવેશન કરી શકે તે હેતુથી ઈનોવેશન ક્લબની રચના કરવામાં આવી છે. ઈનોવેશન કલબ અંતર્ગત કોલેજ કક્ષાએ પ્રબોધ લેવલની તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. સરકારી વિજ્ઞાન કોલેજ ખાતે ચાર દિવસીય પ્રબોધ લેવલની Do It Yourself (DIY) કીટની તાલીમની શરૂઆત થઈ હતી. આ કાર્યક્રમનો આરંભ કોલેજના આચાર્ય ડો.એમ.જી.ભટ્ટ અને ડો.ડી.એ.આડેદરાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

આ પ્રબોધ લેવલની DIY KITS ની તાલીમમાં, ઉચ્ચ શિક્ષણ કચેરી ગુજરાત સરકાર દ્વારા આપેલી વિવિધ કીટ અંગે નિષ્ણાંત દ્વારા વિદ્યાર્થીઓને તાલીમ આપવામાં આવી હતી. તાલીમ દરમ્યાન Mechatronics કીટ, ઈલેકટ્રોનિક્સ કીટ, એગ્રીટેક કીટ, ડ્રોન, ટેલિસ્કોપ વગેરે સાધનોનો ઉપયોગ કરી વિવિધ ઓટોમેટેડ પ્રોજેકટ કેવી રીતે બનાવી શકાય તેની વિસ્તૃત સમજ આપવામાં આવશે. આ કાર્યક્રમના સંચાલનમાં ઈનોવેશન કલબના કન્વીનર ડો.પુજા યુ.શર્મા, સહ કન્વીનર ડો.વિવેક દવે અને સમિતિના અન્ય સભ્યોએ મહત્વની ભુમિકા રહી હતી.

શારદા સ્કુલ ઓફ ફાર્મસીનુ ગૌરવ

જીટીયુ-૨૦૨૨ની બી.ફાર્મ. સેમેસ્ટર-૮ની યુનિવર્સિટીની પરીક્ષામાં શારદા સ્કુલ ઓફ ફાર્મસી કોલેજની વિદ્યાર્થી ભાવસાર જેનાલી ધર્મેન્દ્રભાઈએ ઉજુ સ્થાન યુનીવર્સીટી માં પ્રાપ્ત કર્યું છે. જે બદલ કોલેજના મેનેજીંગ ટ્રસ્ટી ડો.નરેશ કે.પટેલ તથા ટ્રસ્ટી ડો.યોગેશ કે.પટેલ અને સ્ટાફ મિત્રો અભિનંદન પાઠવ્યા હતા.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ.ઠાકોર અંબાલાજી નાથુજી,** ઉ.વ.૯૫, લેકાવાડા
- **સ્વ.વાઘેલા શારદાબેન દેવીદાસ,** ઉ.વ.૭૫, પેથાપુર
- **સ્વ.ઠાકોર કોદરીબેન બેચરજી,** ઉ.વ.૭૭, સાદરા
- **સ્વ.ભીલ બચુબેન નાનુભાઈ,** ઉ.વ.૬૩, સેકટર-૪